# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે બ્રાઝિલિયામાં વાતચીત કરશે

2) અતિવૃષ્ટીને પગલે નાગાલેન્ડમાં થયેલા વિનાશને કારણે તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી. અસરગ્રસ્તો માટે રાહત શિબિર શરૂ

3) કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ સાત હજાર 541 યાત્રાળુઓની બીજી ટુકડી, ભગવતી નગર યાત્રી નિવાસ આધાર શિબિરથી રવાના થઈ

4) અમેરિકાએ ભારત પર લાદેલા ટેરિફ પરનો અમલ એક ઓગસ્ટ પર મુલત્વી રાખ્યો.

5) ભૂતપૂર્વ વિશ્વ નંબર વન દીપિકા કુમારી અને એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા જ્યોતિ સુરેખા વેન્નમ તીરંદાજી વર્લ્ડ કપમાં ભારતનું નેતૃત્વ કરશે.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI- BRASILIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે બ્રાઝિલિયામાં વાતચીત કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વહેલી સવારે બ્રાઝિલની સત્તાવાર મુલાકાત માટે બ્રાઝિલિયા પહોંચ્યા હતા. એરપોર્ટ પર બ્રાઝિલના સંરક્ષણ મંત્રી જોસ મ્યુસિઓ મોન્ટેરો ફિલ્હોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેઓ 6થી 7 જુલાઈ દરમિયાન રિયો ડી જાનેરોમાં બે દિવસીય બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લીધા બાદ બ્રાઝિલિયા પહોંચ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, ભારત-બ્રાઝિલની સ્થિર ભાગીદારીમાં નવી પ્રગતિ સાધતા પ્રધાનમંત્રી મોદી રાજધાનીમાં પહોંચ્યા હતા. તેમણે ઉમેર્યું કે, પીએમ મોદીનું સ્વાગત પરંપરાગત બ્રાઝિલિયન સામ્બા રેગે પ્રસ્તુતિ સંગીત સાથે કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ બ્રાઝિલના તેમના રિયો તબક્કાને ખૂબ જ ફળદાયી ગણાવ્યો હતો. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, તેમણે બ્રિકસ શિખર સંમેલનમાં વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ અને બ્રાઝિલની સરકારને આ મંચને વધુ અસરકારક બનાવવા માટે તેમની બ્રિક્સ પ્રેસિડેન્સી દ્વારા કરવામાં આવેલા કાર્ય માટે પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે, વિશ્વના નેતાઓ સાથેની તેમની દ્વિપક્ષી બેઠકો વિવિધ રાષ્ટ્રો સાથે ભારતની મિત્રતાને વેગ આપશે.

# PM MODI - NAMIBIA VISIT

પોતાની પાંચ દેશોની મુલાકાતના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નામીબિયાના રાષ્ટ્રપ્રમુખ નેતુમ્બો નંદી-નદૈતવાહના આમંત્રણ પર નામીબિયામાં વિન્ડહોક પહોંચશે. પ્રધાનમંત્રી મોદીની નામિબિયાની આ પ્રથમ મુલાકાત હશે અને ભારત તરફથી પ્રધાનમંત્રીની ત્રીજી મુલાકાત હશે.

પ્રધાનમંત્રીની મુલાકાતને આવરી લેતા અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતનો ઉદ્દેશ દ્વિપક્ષીય સંબંધોનો વ્યાપ વધારવાનો અને હાઇડ્રોકાર્બન, દુર્લભ પૃથ્વી સામગ્રી અને એકીકૃત ચુકવણી આંતર-સંચાલનક્ષમતા જેવા વિવિધ મુખ્ય ક્ષેત્રોમાં સહકારના નવા ક્ષેત્રોની શોધ કરવાનો છે.

સાંભળીએ એક વિસ્તૃત અહેવાલ.....

<u>(V/C- અપર્ણા ખુંટ)</u>

# MORN. NAGALAND-RAINS-NSDMA

અતિવૃષ્ટીની સ્થિતિને કારણે નાગાલેન્ડમાં વ્યાપક વિનાશ થયો છે, જેમાં અનેક જિલ્લાઓમાંથી ભારે પૂર, ભૂસ્ખલન અને માળખાગત સુવિધાઓને નુકસાન થયાના અહેવાલો છે. એસ. ડી. એમ. એ. એ જણાવ્યું કે, મકાનો, રસ્તાઓ, પુલો, ખેતરો અને ખેતીને નુકસાન થયાના અસંખ્ય અહેવાલો મળ્યા છે.

તંત્ર દ્વારા રાહત શિબિરો શરૂ કરી દેવાઇ છે. વિવિધ એજન્સીઓ યુધ્ધના ધોરણે બચાવ કામગીરી કરી રહી છે. ભૂસ્ખલનને કારણે મોનથી લોંગલેંગ જિલ્લાને જોડતો રસ્તો સંપૂર્ણપણે બંધ થઇ ગયો છે. મોકોકચુંગ જિલ્લાના ચાંગકી અને લોંગકોંગ ગામોમાં ભૂસ્ખલન થયું છે, જેનાથી રસ્તાઓ અને પાઈપલાઈનને નુકસાન થયું છે. તુએનસાંગમાં, ચેરે ટાઉન ખાતે એનએચ-202નો સંપૂર્ણ સંપર્ક તૂટી ગયો હતો, જેના કારણે ઘણા મુસાફરો ફસાઈ ગયા હતા.

# RAILWAY

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે, દેશના વિવિધ શહેરોમાંથી બિહાર માટે ટૂંક સમયમાં ચાર નવી અમૃત ભારત ટ્રેન શરૂ કરવામાં આવશે. બિહારમાં અનેક રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવા આવેલા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ચાર અમૃત ભારત ટ્રેન નવી દિલ્હી-પટના, દરભંગા-લખનૌ, માલદા ટાઉન-લખનૌ અને સહારસા-અમૃતસર વચ્ચે દોડશે.

તેમણે બિહારના સમસ્તીપુર રેલ વિભાગમાં કરપુરીગ્રામ સ્ટેશન સંકુલમાં અનેક મહત્વપૂર્ણ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી વૈષ્ણવે પટણામાં દીઘા બ્રિજ હોલ્ટનું પણ નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરોની સુવિધાઓ, પ્લેટફોર્મની સ્વચ્છતા અને ત્યાં પ્રકાશ અને સુરક્ષા વ્યવસ્થાની સંપૂર્ણ સમીક્ષા કરી હતી. શ્રી વૈષ્ણવે કરપુરીગ્રામ સ્ટેશનના અપગ્રેડેશનની કામગીરીનો શિલાન્યાસ કર્યો હતો, જે 30 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN. PURI-NORWAY

**પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદિપ સિંહ પુરીએ કહ્યું કે, ભારત તેની ઊર્જા ક્ષમતાઓને વિસ્તૃત કરવા માટે તેની કુશળતાનો લાભ લેવા માટે નોર્વેમાં વિવિધ પરિયોજનાઓનું અન્વેષણ કરી રહ્યું છે. તેમણે નોર્વેના બર્ગનમાં નોર્ધન લાઈટ્સ CO2 ટર્મિનલની મુલાકાત લીધી હતી અને હાઇડ્રોકાર્બન સંશોધન, ખાસ કરીને નોર્વેના ઊર્જા વ્યાવસાયિકો દ્વારા ઊંડા દરિયાઈ સંશોધનને આવરી લેતી તકનીકો પર ચર્ચા કરી હતી.**

**સોશિયલ મીડિયા પર શ્રેણીબદ્ધ પોસ્ટમાં શ્રી પુરીએ જણાવ્યું કે, ભારત વૈશ્વિક સ્તરે સૌથી મોટા ઓફશોર એક્સપ્લોરેશન બિડિંગ રાઉન્ડમાંથી એકમાં ઓપન એકરેજ લાઇસન્સિંગ પોલિસી રાઉન્ડ-10માં 2.50 લાખ ચોરસ કિલોમીટરથી વધુનું અન્વેષણ કરવાની યોજના ધરાવે છે.**

# AMARNATH YATRA

કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ સાત હજાર 541 યાત્રાળુઓની બીજી ટુકડી, ભગવતી નગર યાત્રી નિવાસ આધાર શિબિરથી અમરનાથના દર્શને જવા રવાના થઈ હતી. યાત્રાળુઓ આજે વહેલી સવારે 309 વાહનોના કાફલા સાથે બેઝ કેમ્પથી રવાના થયા હતા. આ બેચમાં પાંચ હજાર 516 પુરુષો, એક હજાર 765 મહિલાઓ, 39 બાળકો, 221 સાધુઓ અને સાધ્વિનો સમાવેશ થતો હતો. આમાંથી ત્રણ હજાર 321 યાત્રાળુઓ આજે વહેલી સવારે બાલટાલ આધાર શિબિર માટે અને ચાર હજાર 220 પહલગામ આધાર શિબિર માટે રવાના થયા હતા, જ્યાંથી તેઓ પવિત્ર ગુફાની તેમની આગળની યાત્રા માટે રવાના થશે.

આ દરમિયાન યાત્રા શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. ગઈકાલે પવિત્ર ગુફામાં 23 હજાર 857 ભક્તોએ દર્શન કર્યા હોવાથી પ્રથમ છ દિવસ દરમિયાન દર્શન કરનારા યાત્રાળુઓની સંખ્યા 93 હજારને વટાવી ગઈ છે અને આજે આ આંકડો એક લાખનો આંકડો પાર કરશે.

# US TARIFF DEADLINE EXTNSN

કેટલાંક દેશોને વેપાર સોદાને અંતિમ સ્વરૂપ આપવા માટે વધારાનો સમય આપવા અમેરિકાએ તેના "લિબરેશન ડે" પારસ્પરિક ટેરિફના અમલીકરણને આગામી મહિનાની પહેલી તારીખ સુધી મોકૂફ રાખ્યુ છે. શરૂઆતમાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બે એપ્રિલના રોજ જાહેરાત કરવામાં આવી હતી કે, ટેરિફ ભારત સહિત અનેક દેશોને અસર કરનાર હતી, પરંતુ તેમના અમલીકરણને 90 દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું, જેમાં વેપારી ભાગીદારોને સમજૂતીઓ

સુધી પહોંચવા માટે નવ જુલાઈ સુધી સમય આપવામાં આવ્યો હતો. ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના અપડેટમાં 14 દેશો પર નવા ટેરિફ દરની રૂપરેખા આપવામાં આવી છે, જે પહેલી ઓગસ્ટથી અમલમાં આવશે.

જાહેરાત મુજબ, US, મલેશિયા, ટ્યુનિશિયા અને કઝાકિસ્તાનના ઉત્પાદન પર 25 ટકા ટેરિફ લાદશે; દક્ષિણ આફ્રિકા અને બોસ્નિયા અને હર્ઝેગોવિનાથી આયાત પર 30 ટકા; ઇન્ડોનેશિયન ઉત્પાદનો પર 32 ટકા; સર્બિયા અને બાંગ્લાદેશના માલ પર 35 ટકા; કંબોડિયા અને થાઇલેન્ડથી આયાત પર 36 ટકા; અને લાઓસ અને મ્યાનમારના ઉત્પાદનો પર 40 ટકા ટેરિફ લાદશે. આ જાપાન અને દક્ષિણ કોરિયાથી આયાત પર અગાઉ જાહેર કરાયેલા 25 ટકા ટેરિફ ઉપરાંત છે. અસરગ્રસ્ત દેશોના નેતાઓને મોકલેલા પત્રોમાં શ્રી ટ્રમ્પે જવાબી ટેરિફ સામે ચેતવણી આપી હતી અને કહ્યું કે, આવા કોઈપણ પગલાંથી અમેરિકા આયાત ડ્યુટીમાં વધુ વધારો કરશે. ટેરિફના પગલાં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના વેપાર અસંતુલનને સુધારવા અને "વધુ ન્યાયી અને સંતુલિત" વેપાર સંબંધોને લાગુ કરવા માટે ચાલી રહેલા દબાણનો એક ભાગ છે.

# ARCHREY WORLD CUP 2025

તીરંદાજીમાં, ભૂતપૂર્વ વિશ્વ નંબર વન દીપિકા કુમારી અને એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા જ્યોતિ સુરેખા વેન્નમ આવતીકાલે સ્પેનના મેડ્રિડમાં શરૂ થનારા તીરંદાજી વર્લ્ડ કપ 2025 સ્ટેજ ચારમાં ભારતના પડકારનું નેતૃત્વ કરશે.

આ વર્ષની વર્લ્ડ કપ શ્રેણીના અંતિમ તબક્કામાં 49 દેશોના 336 તીરંદાજો ટોચના સન્માન માટે સ્પર્ધા કરશે અને આ વર્ષના અંતમાં નાનજિંગમાં પ્રતિષ્ઠિત વર્લ્ડ કપ ફાઇનલ માટે બાકી રહેલા છેલ્લા સ્થાનો માટે સ્પર્ધા કરશે.

આ સ્પર્ધા 13 જુલાઈ સુધી ચાલશે. ભારત 16 સભ્યોની ટીમને મેદાનમાં ઉતારી રહ્યું છે, અગાઉ ભારતે ઓબર્નડેલમાં શરૂઆતના તબક્કામાં ગોલ્ડ સહિત ચાર મેડલ જીત્યા હતા અને ત્યારબાદ શાંઘાઈમાં સાત મેડલ જીત્યા હતા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

1) આજના લગભગ તમામ અખબારોમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિવિધ દેશો પર લાદવામાં આવેલા ટેરિફનાં સમાચારને હેડલાઇનમાં પ્રકાશિત કરાયા છે.
2) ગુજરાત સમાચારનું હેડીંગ છે- ટ્રમ્પની સ્વચ્છંદી, 1 ઓગસ્ટથી 12 દેશો પર ટેરિફનો ફતવો,
3) તો નવગુજરાત સમયનું શિર્ષક છે- ટ્રમ્પનો જાપાન પર 25 ટકા ટેરિફ બોંબઃ ભારતને હાલ રાહત
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બ્રિક્સ સંમેલનની તસવીર સાથે હેડલાઇનમાં સંદેશ લખે છે- મહત્વનાં ખનીજોની સપ્લાય ચેઇન સુરક્ષિત કરોઃ મોદી. આ સમાચારને ગુજરાત સમાચારે પ્રથમ પાને સ્થાન આપ્યું છે, તો ઇન્ડિયન એક્સપ્રેસે પણ તસવીર સાથે હેડલાઇ બનાવી છે.
5) બ્રિક્સ દેશો પર વધારાના 10 ટકા ટેરિફની ધમકી- આ સમાચાર દિવ્ય ભાસ્કર અને રાજસ્થાન પત્રિકાની હેડલાઇન છે.
6) આ ઉપરાંત, પાકિસ્તાની સેનાનો એજન્ટ હોવાની તહવ્વુર રાણાની કબૂલાત, પ્રધાનમંત્રી મોદીએ દલાઈ લામાને શુભેચ્છા પાઠવતા ચીન નારાજ, સરકારી નીતિઓનાં વિરોધમાં 25 કરોડ કર્મચારીઓની આવતી કાલે હડતાળ જેવા સમાચાર વિવિધ અખબારોમાં જોવા મળે છે.